# સાબરકાંઠા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ૮૪૭૭ વીજ જોડાણો

સમગ્ર રાજયમાં ૨૪ કલાક સતત થ્રી ફેઝ વીજ પુરવઠો જયોતિગ્રામ યોજના હેઠળ પૂરો પાડવામાં આવી રહયો છે જેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૮૪૭૭ વીજ જોડાણો પુરા પડાયા છે એમ ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે.

આજે વિધાનસભા ખાતે સાબરકાંઠા જિલ્લામાં જયોતિગ્રામ યોજના હેઠળ વીજ જોડાણના પ્રૅના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતે જયોતિગ્રામ યોજના હેઠળ અવિરત વીજ પુરવઠો પુરો પાડી સમગ્ર દેશને નવો રાહ ચીંધ્યો છે. આ મુજબ મધ્યપ્રદેશે પણ આ કામગીરી પૂરી કરી છે. અને અન્ય રાજયો પણ આ મુજબ કામગીરી કરી રહયા છે અને આગામી દિવસોમાં સમગ્ર દેશમાં કામગીરી હાથ ધરાશે તેવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી.

તેમણે ઉમેર્યું કે, આ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તાર, પેટાપરા રહેણાંક, વાણિજિયક અને ઔદ્યોગિક વીજ જોડાણ માટે ફીડરોનું વિભાજન કરી આ માટેના અલગ ફીડરો દ્વારા ૨૪ કલાક થ્રીફેઝ વીજ પુરવઠો પૂરો પાડવાનો તેમજ સાથે સાથે કૃષિ વિષયક પ્રવૃત્તિ માટે પણ ઉચ્ચ ગુણવત્તાવાળો વીજ પુરવઠો કૃષિ ફીડરો પરથી પૂરો પાડવાનો છે. સાબરકાંઠા જિલ્લામાં આઠ તાલુકાઓમાં મળેલ અરજીઓ પૈકી ૮૪૭૭ મંજૂર કરાઈ છે. ૩૧ ડિસેમ્બર-૨૦૧૪ની સ્થિતિએ નાણા ભરાયેલ પડતર ૪૬ અરજીઓ પેકી ૨૬ અરજદારોને જાન્યુઆરી-૨૦૧૫ સુધીમાં વીજ જોડાણ આપી દેવાયા છે. જયારે બાકી રહેલ ૨૦ અરજદારોને શકય તેટલા ઝડપથી વીજ જોડાણ આપવામાં આવશે.

# રેલ્લાવાડા યુજીવીસીએલ સબ સ્ટેશનનો ફોન દોઢ વર્ષથી બંધ

ઈસરી, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ઘણા બધા ગામોમાં ટાવર ઉભા કરવામાં આવ્યા છે અને તેનું નિરીક્ષણ અને જાળવણી કે ચાલુ બંધ હાલતની દશા મોટાભાગે જોવામાં આવતી નથી જેથી શરૂઆતે આરંભા અને છેવટે નિરાશા પમાડે તેવી પરિસ્થિતિ જોવા મળે છે.

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા યુજીવીસીએલ સબ સ્ટેશન આવેલુ છે. મોટાભાગનો સ્ટાફ સ્થાયી ક્વાર્ટરમાં રહે છે. જેથી રાત્રે લાઈનોનું કામ કરી શકાય. અહીં કેટલાક તો માત્ર સેવા બજાવવા ખાતર સેવા બજાવે છે અને કેટલાક તો નશામાં ચકનાચૂર થઈને ઘરેથી આવે છે. સાથે કર્મચારીને ઘરથી સબસ્ટેશન સુધી સાચવવા અને રાત્રે વધારે નશો ન ચઢે માટે સલામત રાખવા ઘેરથી પોતાના માણસો બંદોબસ્ત માટે આવે છે પછી નોકરી કેવી કરતા હશે.

અહીં તરકવાડા ટેલિફોન એક્ષચેન્જ દ્વારા ટેલિફોન જનતાની સેવા માટે આપેલ છે જે છેલ્લા દોઢ વર્ષથી બંધ છે. સબસ્ટેશનના કર્મચારીઓ સાથે લાઈટ બાબતે જનતા ફોન કરે-ઘંટડી વાગે ફોન કોઈ ઉપાડે નહિ તો ખેડૂતો જેમ તેમ બોલે પરંતુ બંધ ફોન છે. તેવું કોણ જાણે. અધિકારીઓને તો જોઈતુ હતુ ને મળ્યુ. બંધ ફોન હોય તો કોઈ ફોન કરે નહિ. અહીં સ્ટાફ નજીક હોવા છતાં રોડ ઉપરના થાંભલા કોઈ કાઢી ગયુ. વચ્ચે રોડ છે જેથી અનડ્ર ગ્રાઉન્ડ વાયર નાખવાં કેવી રીતે. ઓવરહેડ લાઈન લેવા થાંભલા નથી. ફોન બંધ છે. લાઈનમેન એકલો શુ કરે. ખેડૂતો કેવી રીતે ફોન કરે. હમણાં એક જાગૃત નાગરિકે મેઘરજ જેટીઓને જણાવી ફોન ચાલુ કરાવવા માંગણી કરી છે. જોઈએ છે શું થાય છે.



**ખંભીસર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા સ્વાઈન ફલુ ઉકાળાનું વિતરણ**

ગુજરાત રાજયમાં સ્વાઈન ફલુનો રોગ દિન પ્રતિદિન લોકોને ભરડામાં લઈ રહ્યો છે. ત્યારે મોડાસા તાલુકાના ખંભીસર પ્રા. શાળાના બાળકોએ શાળાના આચાર્ય સાહિલભાઈના માર્ગદર્શન હેઠળ ગામ લોકોને સ્વાઈન ફલુ સામે રક્ષણ મેળવવા માટે નિઃશુલ્ક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો અન શાળા પરિવાર દ્વારા ઈલાયચી, કાળા મરી, અરડૂસી, તુલસી, લવીંગ જેવી આયુર્વેદિક વનસ્પતિનો ઉપયોગ કરી શાળા પરીસરમાં જ આ ઉકાળો બનાવવામાં આવ્યો હતો. અને ગામમાં ઘરે ઘરે ફરીને અંદાજે ૧૦૦૦થી વધુ માણસોને ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. શાળાના બાળકો દ્વારા કરેલ આ કામગીરીથી ગામ લોકો પ્રભાવિત થઈ શાળા પરિવાર અને બાળકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. (તસવીર : જય અમીન)

# ખેડબ્રહ્મામાં ગુલ્લીબાજ ડૉક્ટરો અને કર્મચારીઓને નોટીસ ફટકારવામાં આવી

ખેડબ્રહ્મા, તા. ૨૬

હાલ રાજ્યભરમાં સ્વાઈન ફલુના ભરડામાં આખુ રાજ્ય સપડાઈ રહ્યું છે. સ્વાઈન ફલુ દિવસે ને દિવસે બેકાબુ બનતો જાય છે. અને લોકો તેનો શિકાર બની રહ્યા છે, ત્યારે ખેડબ્રહ્મા તાલુકા આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરો અને સ્ટાફના માણસો અનિયમિત હોવાથી ફરિયાદ ઉઠતા તાલુકા આરોગ્ય અધિકારીએ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરી ગુલ્લીબાજ ડૉક્ટરો અને કર્મચારીઓને નોટીસ ફટકારી હતી.

ખેડબ્રહ્મામાં શરદી-તાવ અને ઉધરસ જેવી બિમારીને લઈ દરરોજ દર્દીઓ મોટી સંખ્યામાં ખેડબ્રહ્મા તાલુકા આરોગ્ય કેન્દ્રમાં આવી રહ્યા છે. સામાન્ય શરદી તાવ જેવી તકલીફ હોય તો પણ દર્દીઓમાં સ્વાઈન ફલુનો ખોફ દેખાઈ રહ્યો છે. બીજી બાજુ પી.એસ.સી. સેન્ટરનો સ્ટાફ દરરોજ અનિયમિત હોવાના કારણે સારવાર અર્થે આવતા દર્દીઓને વારંવાર ધક્કા ખાવાનો વારો આવે છે. જે અંગે ફરિયાદ ઉઠવા પામી હતી. પરિણામે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ગઢવીએ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં લેબ ટેકનીશીયન એફ-એફ. મેમણ, આર.એસ. મકવાણા અને સ્ટાફ નર્સ કે.એમ. રબારી ગેરહાજર હતા. આથી તાલુકા આરોગ્ય અધિકારીએ ફરજના સમયે ગેરહાજર રહેનાર કર્મચારીઓને નોટીસ ફટકારી હતી અને ૩ દિવસમાં ખુલાસો માંગ્યો હતો અને વધુ કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

# ઉનાવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનની સર્વાનુમતે વરણી

ઊંઝા, તા. ૨૬

ઊંઝા નજીકના ઉનાવા ખાતેની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન પદની ખાલી પડેલ જગ્યાની આજે ચૂંટણી યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયતના પ્રમુખ પ્રકાશભાઈ એસ. પટેલની ચેરમેન તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગત જાન્યુઆરી માસમાં ઉનાવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન બી.કે. પટેલનું અવસાન થતાં આ જગ્યા ખાલી પડી હતી. જેથી વાઈસ ચેરમેને ચેરમેન પદનો ચાર્જ સંભાળ્યો હતો. બાદ આજે ચેરમેન પદની ખાલી જગ્યાની ચૂંટણી અંગે બજાર સમિતિના સદસ્યોની બેઠક મળી હતી. તેમાં નવા ચેરમેનની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી જુલાઈ યા ઓગસ્ટમાં ઉનાવા બજાર સમિતિની વર્તમાન કમિટિની મુદત પુરી થતાં સામાન્ય ચૂંટણી યોજાશે.

# અરવલ્લી જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિડીયો રેકોર્ડીંગ મુદ્દે કોગ્રેસના સભ્યોનો વોકઆઉટ

(સમીર બલોચ /જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા તા.૨૬

અરવલ્લી જિલ્લા પંચાયત માં આજે સામાન્ય સભા અરવલ્લી જીલ્લા પંચાયત ના સભા ખંડ માં યોજાઈ હતી આ સભા અરવલ્લી જીલ્લા પંચાયત ના પ્રમુખ નેહાબેન પટેલ ના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં આ સભા ની શરૂઆત માં વજિરોધ પક્ષ ના નેતા અરૂણ ભાઈ પટેલે અરવલ્લી જીલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજય માં સ્વાઈનફલુ થી મુત્યુ પામેલા શ્રંધ્ધ્જલી આપી બે મીનીટ નુ મોન્ પાડવાનુ જણાવતા તમામે સર્વસંમતિ થી આ બાબત સ્વીકારી બે મીનીટ નુ મૌન પાડવા માં આવયુ હતુ

જયારે આ સામન્ય સભા ચાલુ થતા ની સાથે જ આક્રમક બની હતી કારણકે થ્ગત સભા માં લખાયેલ પ્રોસેડીંગ મુદ્દે કોગ્રેસે હોબાળો મચાવ્યો હતો અને જીલ્લા પંચાયત ની કામગીરી નિયમસર ચાલતી ન હોવાના મુદ્દે ધમાચકડી મચાવી હતી તેમજ વિવિધ સમિતીઓ ને અધિકાર આપવાના મુદ્દે કોગ્રેસ ના સભ્યો એ વિસતાર વાઈઝ ચર્ચા કરવાનુ જણાવતા તે અંગે સંતોષકારક જવાબ ના મળતા વિરોધ નોધાવ્યો હતો જયારે પંચાયત ધારા ની જોગવાઈઓ મુદ્દે કોગ્રેસ અને ભાજપા ના ધારાસભ્યો વચ્ચે તુ..તુ..મૈ.મૈ .. સર્જાઈ હતી તેમજ અધ્યક્ષ સ્થાને થી પ્રમુખે જીલ્લા પંચાયતની કાર્યવાહી નુ વિડીયો રેકોર્ડીંગ નો મુદ્દો ઉઠાવતા ભાજપ ના સભ્યો એ ના પાડતા તે વખતે વિરોધ પક્ષના નેતા અરૂણભાઈ ધ્વારા એવો કટાક્ષ કરવામાં આવ્યો હતો કે મોદી સરકાર ધ્વારા રસ્તાઓ ઉપર સી સી ટી વી કેમેરા લગાવાય છે ત્યારે આવી અગત્ય નીકામગીર નુ વિડીયો રેકોર્ડીંગ કેમ નહિ ત્યારે ભાજપ ના સભ્યો ધ્વારા સતત આ બાબત નો વિરોધ કરવામાં આવતા કોગ્રેસ ના સભ્યો એ આ બાબત ને લઈ ને વોક આઉટ કરવામાં આવ્યો હતો

# મોડાસા-રાજેન્દ્રનગર માર્ગ ૧૦ મીટર પહોળો કરવાની જોગવાઈ થતાં પ્રજાજનોમાં આનંદ છવાયો

મોડાસા, તા. ૨૬

ગુજરાત રાજ્ય સરકારે અરવલ્લી જિલ્લાના પ્રજાજનો માટે ઉદાર હાથે નવા બજેટમાં રૂપિયાની લ્હાણી કરવામાં આવી છે. નવ નિર્માણ અરવલ્લી જિલ્લાનો વિકાસ ઝડપી અને ગતિશીલ બનાવવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. જેમાં મોડાસાથી રાજેન્દ્રનગર રાજ્ય ધોરીમાર્ગ ટ્રીલેન કરાતા પ્રજામાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

મોડાસા-રાજેન્દ્રનગરની પહોળાઈ વધારવા માટે પ્રજાજનો દ્વારા વારંવાર રાજ્ય સરકારમાં માંગણી કરવામાં આવી હતી, પરંતુ દર વર્ષે લોકોની માંગણીની ઉપેક્ષા કરવામાં આવતી હતી. પરંતુ નવ નિર્માણ પામેલા અરવલ્લી જિલ્લાના વિકાસના કામો અર્થે ફળવાયેલા બજેટમાં ચાલુ વર્ષે મોડાસા-રાજેન્દ્રનગર રાજ્ય ધોરી માર્ગને ૧૦ મીટર પહોળો કરવાની જાહેરાત કરતા આ પંથકના લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. નવીન બજેટમાં મોડાસા-રાજેન્દ્રનગર કુલ ૨૧ કિલોમીટરનો આ રોડ ૭ મીટર પહોળાઈ ધરાવતો હતો. ત્યારે આ માર્ગને ૧૦ મીટર પહોળો કરી શામળાજી હિંમતનગર હાઈવે નંબર-૮ ને જોડાશે. છેલ્લા કેટલાય સમયથી આ માર્ગ પર વધેલા ટ્રાફિક અને અકસ્માતથી લોકો પરેશાન હતા. પરંતુ



(તસવીર : જય અમીન, મોડાસા)

આ માર્ગને પહોળો કરવા માટે મંજુરી મળતા આ સમસ્યાઓ હલ થશે તેવુ સ્થાનિક પ્રજાજનો જણાવી રહ્યા છે. આ ઉપરાંત આ માર્ગ પર આવેલ મેઢાસણ ચોકડી પર સર્કલ બનાવવા માટે પણ સ્થાનિકોએ માંગણી કરી હતી. હાલ તો જેટમાં ૫૦ કરોડથી પણ વધુ ગ્રાન્ટ આ રાજ્ય ધોરીમાર્ગ માટે ફળવાતા લીંભોઈ, ખંભીસર, મેઢાસણ, રામપુર, ગઢડાના પ્રજાજનોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

# શામળાજી ખાતે ગીરધારીલાલના મંદીરમાં કેશવદાસ મહારાજની મુર્તિ મુકવાનો વિવાદ વકર્યો

મોડાસા તા.૨૬

અરવલ્લી જીલ્લા ના શામળાજી વિષ્ણુ મંદિર પરીસર મા શિવ પરિવાર ની મુર્તી ની જગ્યા એ પુર્વ મહંત કેશવદાશજી મહારાજ ની મુર્તી સ્થાપીત કરવા માટે મંદિર ટ્રસ્ટ અને સાધુઓ આમને સામને આવી જતાં મંદીર વિવાદ ના વંટોળ માં



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

ચકડોળે ચડયુ છે.

અરવલ્લી જીલ્લા ના શામળાજી ના ગ્રામજનો અને વિષ્ણુ ટ્રસ્ટ મંદિર ના ટ્રસ્ટીઓ સહિત ગીરધારીલાલા મંદિર માં સાધુ ની મુર્તી મુકવા ચાલી રહેલી હીલચાલ નો વિરોધ નોધાવી રોષ વ્યકત કર્યો હતો અને શામળાજી મંદિર ના ટ્રસ્ટીઓ ગામના સરપંચ ને સાથે રાખી ને આ સાધુ ની મુર્તી મુકવા સામે વિરોધ નોધાવી અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ ને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ જેમાં જણાવ્યા મુજબ શામળાજી ના ટાઉન પ્લાનીંગ સ્કીમ અમલ માં આવેલી છે તેના ભાગરૂપે શામળીયા ના મંદિર ની આજુબાજુ આવેલા તિલોક નાથ વિષ્ણુ મંધરી ખાકચોક ના ગીરધારીલાલ જી નુ ભગવાન નુ મંદિર મહાલક્ષ્મી મંદિર તથા શિસવ મંદિર સહિત પુરાતન વાવ ને એક જ પરીસર માં સમાવેશ કરવામાં આવેલ છે.જેને લઈ ને જરૂરી કામગરી હાથ ધરવામાં આવી હતી રૂપીયા ૬ કરોડ ના ખર્ચે તૈયાર થયેલ આ નવનિર્મીત મંદીર માં ૭ માર્ચ થી ૧૧ માર્ચ સુધી જુના મંદીર માં થી ભગવાન ની મુર્તીઓ નવા મંદિર માં પધરાવાનો પ્રતીષ્ઠા મહોત્સવ યોજાનાર છે ત્યારે ગીરધારી લાલજી ના ટ્રસ્ટ ના પર્વ વહિવટદાર અને મહંત ની મુતી મુકવા હાથ ધરાયેલ પ્રયાસ નો વિરોધ કરવામાં આવ્યો હતો અને આ આવેદનપત્ર માં જણાવ્યુ હતુ કે ધાર્મીક લાગણી દુભાવતા કૃત્ય સામે સત્વરે પ્રતીબંધ નહી મુકાય તો ધર્મરક્ષા માટે જનઆંદોલન ની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી

શામળાજી વિષ્ણુ મંદીર નો વિવાદ ચરમસીમા એ પહોચ્યો છે ત્યારે આજરોજ વિષ્ણુ મંદિર ના સામે આવેલ અખિલ ભારતીય શ્રી પંચ દિગમ્બર અની અખાડા ચિત્રકુટ ના સાધુઓ પણ મેદાને પડયા છે આ સાધુઓ પૈકી એ વિષ્ણુ મંદિર ના ટ્રસ્ટીઓ સામે આક્ષેપકરતાં જણાવયુ હતુ કે ટ્રસ્ટીઓ ધ્વારા મંધરી માં આવતી દાન ની ભેટ ની રકમ માં થી શરાબ અને કબાબ ની મહેફીલો માણવામાં આવે છે વળી મંદિર ને કારખાના જેવુ બનાવી દીધુ છે દાન માં આવતી રકમ ને સમાજ સેવા માં નહી પરંતુ પોતે ટ્રસ્ટીઓ ભાગ પાડી લેતા હોય છે તેવા આક્ષેપો સાથે આજરોજ અધિક કલેકટર ને આવેદનપત્ર પાઠવવા માં આવ્યુ હતુ

શામળાજી ખાતે મહંત ની મુર્તી પ્રસ્થાપીત કરવાની બાનબને લઈ ને બે મંદિર ના ટ્રસ્ટીઓ આમને સામને આવી ગયા છે ત્યારે આગામી માર્ચ મહિના માં યોજાનાર પ્રતીષ્ઠા મહોત્સવ વિવાદાસ્પદ બને તેવુ દેખાઈ રહયુ છે જયારે આ રીતે મંદિર ના ટ્રસ્ટીઓ અને સાધુઓની હુંસાતુંસી ના કારણે સામન્ય ભકતો અને આસપાસા ના નગરજનો ની ધાર્મીક લાગણી દુભાય નહિ તે માટે વહીવટી તંત્ર ધ્વારા આ બાબત નદ ઝડપ થી નિકાલ આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે

# પ્રાંતિજનું ભાખરીયુ બસસ્ટેન્ડ સમય-પત્રકથી વંચિત





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ઉપર છેલ્લા ઘણા સમયથી સમય પત્રક બોર્ડ જ અદશ્ય થઈ ગયું છે. પરિણામે એસ.ટી. બસની મુસાફરી કરતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ મામલે મુસાફરોએ એસ.ટી. તંત્રને અનેક લેખિત રજૂઆત કરવા છતાં તંત્રના બહેરા કાને કોઈ વાત પહોંચતી નથી.

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેશન પર બસોના આવન જાવન માટે સમય-પત્રક ફરજીયાત મુકવાનો નિયમ છે. તેમ છતાં હાલ આ બસ સ્ટેશનમાં કોઈ પણ પ્રકારનું સમય પત્રક ન હોવાથી મુસાફરોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. અને કઈ બસ ક્યારે આવશે અને ક્યાં જશે તેની કોઈ જ જાણ થતી નથી ત્યારે એસ.ટી. તંત્ર ચોક્કસ સમય પત્રકનું ટાઈમ ટેબલ તુરંત મુકાવે તેવી મુસાફરો કરી રહ્યા છે.

# પાટણમાં માયા સાતમની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

કોઈનુંપણ મસ્તક આદરભાવથી ઝૂક્યા વિના રહેતું નથી, એ પાટણના ઈતિહાસની તીર્થભૂમિ સહસ્ત્રલિંગ સરોવર અને વીરમાયા સેંકડો વર્ષો થયા છતાં તેમનું સ્મરણ રોમાંચકારી પાવક અનેપવિત્ર રહ્યોછે. વિક્રમ સંવત ૧૧૯૪ મહાસુદ સાતમને શનિવારના રોજ વણકર વીર મહામાનવ દલિત સમાજના પ્રથમ મુક્તિદાતા વીરમાયાએ લાખો માનવો પશુપંખીઓ તૃષા છીપાવવા યજ્ઞવેદીમાં 'બહુજન સુખાય, બહુજન હિતાય' અર્થે સ્વનું સમર્પણ કરતાં જસમાના શ્રાપનું નિવારણ થતાં સરોવર છલકાયું. ઈતિહાસના પાને સુવર્ણ અક્ષરે આ ઘટના નોંધાઈ છે. સમગ્ર ગુજરાતનો વણકર દલિત સમાજ આ બલિદાનને ઉજાગર કરતી ગૌરવગાથાને આ દિવસને પાવનકારી પર્વ તરીકે પોણા નવસો વર્ષથી ઉજવે છે. ગુજરાતની સોલંકી યુગની રાજધાની પાટણમાં માયાદેવીની પાલખી નીકળે છે. નગરયાત્રા થાય છે. માયા મંદિરે જઈ પૂજા-અર્ચના, દર્શન કરવામાં આવે છે. મહાસુદ સાતમે સમગ્ર ગુજરાતે માયા-સાતમની ભવ્ય ઉજવણી કરી હતી. વીરમાયા સ્મારક સમિતિ અને ગુજરાત વણકર સમાજના ઉપક્રમે મુખ્ય સમારોહ પાટણ-માયાટેકરીએ સંપન્ન થયો.

વીરમાયા સ્મારક સમિતિ અને ગુજરાત વણકર સમાજના પ્રમુખ નિવૃત્ત કલેક્ટર ઝવેરભાઈ ચાવડા અને મહામંત્રી શ્રી ડી.પી. પરમારના માર્ગદર્શન હેઠળ શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. મહામાનવ, ભગવાન મેઘમાયાની તસ્વીરને માલ્યાર્પણ કરી દીપ પ્રાગટ્યથી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. સમારોહના મુખ્ય મહેમાન સિદ્ધપુર નિવાસી સાંસદ દિલીપભાઈ પંડ્યાએ શ્રદ્ધાસુમન અર્પણ કરતાં વીરમાયાને ભગવાન તરીકે વર્ણવી, ભૂતકાળમાં દલિત સમાજે આપેલ બલિદાનની યાદ અપાવી સમગ્ર સમાજ માટે શહાદત આપનાર સમાજની પ્રશંસા કરી શ્રી ઝવેરભાઈ ચાવડાએ જોશીલી જબાનમાં વણકર સમાજના-દલિત સમાજના સંતો-મહંતો, શહાદતો આપનાર શહીદોને યાદ કરી પ્રથમ મુક્તિદાતાને ભવ્ય અંજલિ આપી. સમારોહના માનવંતા મહેમાનો ડૉ. એ.એસ. પરમાર, લલિતરાજે પ્રાસંગિક પ્રવચનો કરી દાનની જાહેરાતો કરી હતી. અતિથિ વિશેષ પદે હેમંતભાઈ તન્ના, ગીતાબેન સોલંકી, મનોજભાઈ પટેલ, રમેશભાઈ તથા રાજેન્દ્રકુમાર હિરવાણીયા અને હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અંતે વીરમાયા દેવના સ્મરણાર્થે લેખક ડૉ. નરસિંહદાસ વણકર લિખિત પુસ્તક 'વીરમાયા રથયાત્રા' અને શંકર પેન્ટર કૃત 'ઉજળિયાત અને માંહયલો ભીતર જલે'નું સાસંદ દિલીપ પંડ્યાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# પોશીનાના બજારમાં રોડ પર બમ્પ મુકવા માગણી

ખેડબ્રહ્મા, તા. ૨૬

પોશીના તાલુકો જાહેર થયા બાદ અનેક વિકાસ કાર્યો પોશીના ખાતે થયા છે. જેમાં હાલમાં ગોયા નાકાથી સરદાર ચોક સુધી નવીન રોડ બનાવવામાં આવ્યો છે. આ રોડ પર ગ્રામ પંચાયત મેઈન બજાર આવેલ છે. આ રોડ બનવાથી વાહન ચાલકો બેફામ ચલાવતા થયા છે જેથી વાલીઓ ડરના માર્યા બાળકોને એકલા શાળાએ મોકલતા પણ ગભરાય છે. ગામ લોકો દ્વારા સત્વરે આ રોડ પર પ્રાથમિક શાળા, ગણેશનગર, મામાપીપલા ત્રણ ત્રણ રસ્તા, બજારમાં બમ્પ મુકવા માગણી છે. જેથી વાહનચાલકો ગતી મર્યાદામાં વાહન હંકારે જો આ બમ્પ મુકવામાં નહી આવે તો ભવિષ્યમાં અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી છે.

# ઈડરની એચ.પી. જોષી શાળાના નવીન ઓરડાનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

ઈડર, તા. ૨૬

ઈડર તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત એચ.પી. જોષી હાઈસ્કૂલના નવીન ઓરડાનો ઉદ્ઘાટન સમારંભ તાજેતરમાં સાંસદ દિપસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ ઉદ્ઘાટન સમારંભમાં સાંસદ દિપસિંહ રાઠોડ અને નિવૃત્ત કલેક્ટર ઝવેરભાઈ ચાવડાએ પ્રાસંગિક પ્રવચન કરી શાળાના ઓરડામાં ફાળો આપી દાનનો ધોધ વરસાવનાર દાતાઓ રમેશભાઈ મહેતા, દયાશંકર જોષી, કોદરભાઈ જોષી, ડાહ્યાલાલ જોષી, ડૉ. સનત જોષીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગૌરીશંકરભાઈ કે. આઈ. પટેલ, ડૉ. નરસિંહદાસ વણકર અમૃતલાલ ઉપાધ્યાય, મનિષ પાઠક સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦